# જિલ્લામાં ૨૩૦ વડીલો અને ૨૫ દિવ્યાંગો ઘરે રહીને મતદાન કરશે

**પંચે વડીલ અને દિવ્યાંગ મતદારો માટે આ ખાસ સુવિધા પ્રથમવાર ઉભી કરી છે : બી.એલ.ઓ.એ ઘરે ઘરે જઈ આ અંગે સર્વે કર્યો, આ મતદારોએ ફોર્મ ૧૨ડી ભરી આપતાં તંત્રએ તેની તૈયારી કરી**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટેના જંગમાં ૮૦ વર્ષથી વધુ વયના ૨૩૦ મતદાતાઓ અને ૨૫ દિવ્યાંગ મતદારોના ઘરે જઈ પંચની ટીમ મતદાન કરાવશે.

આ મતદારોએ ૧૨ડી ફોર્મ ભરી અને તંત્રને આપ્યા છે અને તંત્રએ તેને ગ્રાહ્ય રાખી મંજૂરી આપી દીધી છે.

૫ મી ડિસેમ્બરના રોજ જિલ્લાતંત્રની ટીમો આ માટે તેમના ઘરે જશે અને તેઓ મતદાન કરશે. ચૂંટણી પંચે પહેલીવાર આ યોજના અમલી બનાવી છે.

પંચે બી.એલ.ઓ. દ્વારા આ સર્વે કરાવ્યો હતો અને આ મતદારોને રૂબરૂ મળી તેમની પાસેથી ૧૨ડી ફોર્મ ભરાવડાવ્યુ હતુ. ૧૨મી નવેમ્બર સુધી આ કામગીરી બી.એલ.ઓ. દ્વારા ચાલી હતી.

મળતી વિગતો પ્રમાણે ૮૦ થી વધુ વય ધરાવતા અશક્ત વૃદ્ધોને ઘરે જઈ ટીમ મતદાન કરાવશે તેવા વૃદ્ધો સૌથી વધુ ગાંધીનગર(ઉ)માં અને બીજા ક્રમે માણસામાં નોંધાયા છે. જિલ્લામાં ૮૦ થી વધુ વયના ૨૩૬૯૦ મતદારો છે.

ગાંધીનગર(ઉ)માં ૭૭ મતદારો, માણસામાં ૫૪ મતદારો, ગાંધીનગર(દ)માં ૪૩ મતદારો, દહેગામમાં ૪૩ મતદારો તેમજ કલોલમાં ૧૩ મતદારો જે ૮૦ થી વધુ વયના છે તેમણે ફોર્મ ૧૨ડી ભરીને આ વ્યવસ્થાની માંગ કરી છે.

દિવ્યાંગ મતદારો માટે પણ આ સુવિધા હોવાથી જાહેરાત કરી હતી. જો કે જિલ્લામાં ૨૫ દિવ્યાંગ મતદારોએ ફોર્મ ૧૨ડી ભરીને આ સુવિધા આપવા જણાવ્યુ છે.

ગાંધીનગર (દ)માં ૨, ગાંધીનગર (ઉ)માં ૫, દહેગામમાં ૩, માણસામાં ૧૧ અને કલોલમાં ૧ દિવ્યાંગે આ સુવિધા મેળવવા માટે ફોર્મ ભરી આપ્યા છે.

જિલ્લામાં ૫ હજારથી વધુ દિવ્યાંગો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં દિવ્યાંગ મતદારો માટે મતદાન મથક પર ૨૫૦ થી વધુ વ્હીલચેરની સુવિધા પણ તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી છે.

જિલ્લામાં આ વખતે પાંચ મતદાન મથકો દિવ્યાંગ કર્મયોગી સંચાલિત બનાવવાનો પણ નિર્ણય કરેલ છે. જિલ્લાતંત્ર હાલ ચૂંટણીને લઈ તેની તૈયારીમાં ગળાડુબ બની ગયુ છે.

## ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરતા કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓને લઈ આજે પાંચ બેઠકોના ચૂંટણી અધિકારીઓ તેમજ કેટલાક નોડલ ઓફિસરોની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજી હતી.

આજે સાંજે જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે.ના અધ્યક્ષપદે યોજાયેલી બેઠકમાં તેમણે અધિકારીઓને સતર્કતા સાથે વિસ્તારમાં ચાલતી ગતિવિધિઓ પર નજર રાખવા કહ્યુ હતુ

તેમણે જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે ચાલી રહેલ મતદાર જાગૃત્તિ અભિયાન તેમજ આ વખતે ૫૦ ટકા જેટલા મતદાન મથકો પર થનાર વેબ કાસ્ટીંગને લઈ પણ પુરતી કાળજી લેવામાં આવે એટલુ જ નહિ મતદારોને પ્રેમ અને સારા આવકારની અનુભૂતિ થાય તે જોવા જણાવ્યુ હતુ.

જિલ્લા કલેક્ટરે પંચે પ્રથમવાર દિવ્યાંગ તેમજ ૮૦થી વધુ વય ધરાવતા વડીલોને ઘરે જઈ મતદાન કરાવવા માટે ભરાઈને આવેલ ફોર્મ ૧૨ડી મુજબ કોઈ મતદાર રહી ના જાય તે જોવા ખાસ સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે જિલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થાય અને કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે જોવા પણ જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ કે જિલ્લામાં શતાયુ ધરાવતા ૨૯૦ નોંધાયેલા મતદારો છે આ ઉપરાંત ૫ હજાર જેટલા દિવ્યાંગ મતદારો છે તેમને તકલીફ ના પડે તે ખાસ જોજો. તેમણે તંત્રએ ૨૫૦થી વધુ વ્હીલચેર ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરેલ છે.

# દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા ભાજપમાં જોડાયા



ગાંધીનગર, તા. ૨૨

દહેગામના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડે ગઈકાલે ઉમેદવારીપત્ર પાછુ ખેંચ્યા બાદ આજે ભાજપમાં વિધિવત્ રીતે જોડાઈ ગયા છે.

કોબા કમલમ્ ખાતે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, પ્રદીપસિંહ વાઘેલા, સહ પ્રવક્તા હિતેન્દ્રભાઈ પટેલે તેમને કેસરીયો ખેસ પહેરાવી અને સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં આવકાર્યા હતા.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ અને તેમની ટીમના સભ્યો પણ હાજર રહ્યા હતા. આમ તો ચૂંટણી પહેલાં તેઓ ભાજપમાં જોડાવાના હતા પરંતુ કોંગ્રેસ તેમને ટિકિટ આપશે તેવા વિશ્વાસના પગલે તેમણે રાજીનામુ આપ્યુ ન હતુ. આમ તો ચૂંટણી પહેલાં તેમણે તેમના સમર્થકોને પણ આ અંગેના નિર્દેશ આપ્યા હતા.

અગાઉ તેમણે રાજીનામુ આપ્યુ હતુ પરંતુ ડૉ. સી.જે. ચાવડા સહિતના આગેવાનોની દરમ્યાનગીરીથી તે નિર્ણય તેમણે મોકૂફ રાખી અને કોંગ્રેસમાં જ રહ્યા હતા.

જિલ્લાની દહેગામ વિધાનસભા બેઠક પરથી તેઓ ૨૦૧૨ની સામાન્ય ચૂંટણીમાં વિજેતા બન્યા હતા. તેમના જવાથી ભાજપની તાકાતમાં વધારો થયો છે.

**અપક્ષ ઉમેદવારોએ મુક્ત પ્રતિકોમાંથી**

# સ્ટમ્પ્સ, ફૂટબોલ, સફરજન, ગેસ સિલીન્ડર, ઓટો-રિક્ષા, કેમેરા જેવા ચિહ્નો પસંદ કર્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પર અપક્ષ ઉમેદવારો કોનુ ગણિત બગાડશે તે તો પરિણામના દિવસે જ ખબર પડશે પણ તેમણે પસંદ કરેલા પ્રતિકો મોંઘવારીનો લોકોને સંદેશ આપતા હોય તેવા તેમજ ઘરેલુ વપરાશમાં વપરાતા પ્રતિકોની પસંદગી કરી છે.

કલોલમાં પાનુ, ખાટલો, ઓટોરીક્ષા, માઈક, એરકન્ડીશનર અને કપ-રકાબીની પસંદગી અપક્ષ ઉમેદવારોએ કરી છે.

ગાંધીનગર (દ)માં એક રજીસ્ટર્ડ પાર્ટીના ઉમેદવારે ટાયર્સ, ભુંગળવાજુ તો અપક્ષોએ ખાટલો, સ્ટમ્પ્સ, કોમ્પ્યુટર, ફૂટબોલ અને જહાજની પસંદગી કરી છે.

દહેગામમાં અપક્ષ ઉમેદવારે ઘડાની પસંદગી કરી છે. ગાંધીનગર (ઉ) બેઠક પર અપક્ષ ઉમેદવારોએ કીટલી, સફરજન, બ્લેકબોર્ડ, કેમેરો, ઓટોરિક્ષા, ગેસ સિલિન્ડરની પસંદગી કરી છે.

માણસા બેઠક પર અપક્ષ ઉમેદવારોએ પાણીની ટાંકી, કેમેરો, ગેસ સિલન્ડરની પસંદગી કરી છે. આ બેઠક પર રાષ્ટ્રીય હિન્દ એકતા દળના ઉમેદવારને ડીઝલ પંપ, નેશનલ યુથ પાર્ટીના ઉમેદવારને લેપટોપનું નિશાન ફાળવવામાં આવ્યુ છે. જિલ્લામાં આ વખતે ૮ જેટલા રજીસ્ટર્ડ અને રાજ્યકક્ષાએ માન્યતા પામેલા પક્ષોના ઉમેદવારો મેદાનમાં છે. ચૂંટણીને લઈ ઉમેદવારોએ તેમના પ્રચાર અભિયાનને વેગીલો બનાવ્યો છે. ઉમેદવારો દ્વારા પ્રચારમાં જાહેર પ્રચાર પર વધુ ભાર મુકી રહ્યા છે તેમજ વિવિધ સ્થાનો પર રોડ શૉ કરી પ્રજામાં ચૂંટણીનો માહોલ ઉભો કરવાના પ્રયાસો કરી રહ્યા છે.

# ગાંધીનગર શહેરમાં જામી રહેલી ઠંડી

**વહેલી સવારે અને મોડી સાંજે અનુભવાતી ઠંડી, ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત ઉભી થઈ, ચાની કીટલીઓ પર જામતી ભીડ**



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં ધીમે ધીમે ઠંડી જામી રહી છે. વહેલી સવારે અને મોડી સાંજે શહેરમાં ખુબ ઠંડી અનુભવાય છે. લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીએ પહોંચતા શહેરમાં ઠંડીનો ચમકારો અનુભવાયો છે.

આખરે શિયાળાની ઋતુ જામી રહી છે. નવેમ્બર માસના અંતિમ સપ્તાહમાં ઠંડીનું જોર વધી રહ્યુ છે. મોડી સાંજે અને વહેલી સવારે આકરી ઠંડી અનુભવાય છે. વહેલી સવારે ચાલવા નીકળતા વસાહતીઓની સંખ્યા વધી રહી છે. દિવસ મોડો ઉગે છે વળી ઠંડી હોવાથી સવારે ચહલપહલ પણ મોડી શરૂ થાય છે. લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીએ પહોંચતા ઘરની બહાર નીકળતા ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. સવારે અને સાંજે સાલ કે સ્વેટર પહેરવા ફરજીયાત બને છે. સવારનો તડકો હવે સારો લાગવા માંડ્યો છે. જો કે દિવસ ચઢતા પુનઃ થોડીક ગરમી અનુભવાય છે. મહત્તમ તાપમાન ૩૦.૯ ડિ.સે. જેટલુ નોંધાતા દિવસ હુંફાળો રહે છે. આ વખતે ઠંડીનો ચમકારો વહેલો અનુભવાતા ડિસેમ્બર મહિનામાં આકરી ઠંડી પડવાની સંભાવના છે.

**ગીફ્ટ સીટીને જોડતા**

# પાલજ થી શાહપુરના રૂટમાં બસ સેવા શરૂ કરવા માંગ

**ગીફ્ટ સીટીમાં રોજબરોજ અવરજવર કરતા નોકરીયાતોની સંખ્યા વિશેષ : આ વિસ્તારમાં શૈક્ષણિંક સંકુલો અને વસાહત પણ હોવાથી બસ સેવાના રૂટ ગોઠવાય તેવી માંગ**

ગાંધીનગર તા ૨૨

ગીફટ સીટીથી પાલજ બાસણ શાહપુર માર્ગને અનુલક્ષી જરૂરી બસ સેવા શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. બિઝનસ હબ બનતા ગિફટ સીટમાં પણ રોજબરોજ મોટી સંખ્યામાં નોકરીયાતો અપડાઉન કરે છે. જયારે ગિફટ સીટી સાથે જોડાયેલા આ વિસ્તારમાં શૈક્ષણિક સંકુલો અને રહેણાંક વસાહત પણ છે. ત્યારે આ વિસ્તારને અનુલક્ષી સલામત સવારીના યોગ્ય રૂટ ગોઠવાય તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગિફટ સીટીને જોડતા પાલજ બાસણ શાહપુર માર્ગને અનુલક્ષી હજુ માળખાગત સુવિધાઓનો અભાવ વર્તાઈ રહ્યો છે. ગિફટ સીટીમાં અવરજવર કરતા નોકરીયાતોને વાહન સેવા પણ મળતી નથી. આ વિસ્તારમાંથી

● અનુસંધાન પાન-૭ પર

# છેલ્લા ૨૭ વર્ષમાં તોફાનથી ઓળખાતા ગુજરાતની ઓળખ બદલાઈ છે : ગજેન્દ્રસિંહ શેખાવત

**દીલ્હીથી જુઠનો બાદશાહ ભ્રષ્ટાચારનુ ધન ખર્ચીને ગુજરાતીઓને છેતરવા આવ્યો છે પરંતુ પંજાબની જેમ છેતરાવાનુ નથી : ગજેન્દ્રસિંહ શેખાવત : ગાંધીનગર ઉત્તરની બેઠક પર ભાજપના ઉમેદવાર રીટાબેન પટેલને જંગી બહુમતીથી જીતાડવા અપીલ**




ગાંધીનગર તા ૨૨

પેથાપુરમાં ગાંધીનગર ઉત્તરની બેઠક માટે ચુંટણી સભાને સંબોધતા કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાંવ્યુ હતુ કે છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતીઓએ વિકાસની રાજનીતીનુ સ્વાગત કર્યુ છે. એક સમયે ગુજરાતની તોફાન માટે કુખ્યાત હતુ. કોંગ્રેસે લાંબા શાસન કાળ દરમિયાન દેશને વિભાજીત કરવાનુ કામ કર્યુ છે. જયારે હવે દિલ્હીથી જુઠનો બાદશાહ ભ્રષ્ટાચારનુ ધન ખર્ચીને ગુજરાતીઓને છતરવા આવ્યો છે. ત્યારે પંજાબની જેમ છેતરાવાનુ નથી. ગાંધીનગર ઉત્તરના ભાજપના ઉમેદવાર રીટાબેન પટેલને જંગી બહુમતીથી જીતાડવા માટે તેમણે નાગરિકોને અપીલ કરી હતી.

ગાંધીનગર ઉત્તરની બેઠકને અનુલક્ષી પેથાપુર ખાતે યાજાયેલી ભાજપની જાહેર સભામાં કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાંવ્યુ હતુ કે ગુજરાત ફરી એકવાર આગામી પાંચ વર્ષ માટે ભવિષ્ય નક્કી કરવા જઈ રહ્યુ છે. છેલ્લા ૨૭ વર્ષથી જનતાએ આર્શીવાદ આપી વિકાસની રાજનીતીનુ સ્વાગત કર્યુ છે. આજે ગુજરાત અને વિકાસ એકમેકના પર્યાય બન્યા છે. એક સમય એવો હતો કે ગુજરાતમાં અમદાવાદ અને ગાંધીનગર તોફાન માટે કુખ્યાત હતા. ગુજરાતનુ નામ લેતા જ કરફયુની તસવીર સામે આવતી હતી. ગુંડાઓ જેલમાં બેસી ચુંટણી જીતતા હતા. અમદાવાદની ઓળખ લતીફ હતો. જયારે ગામ અને શહેરમાં વિજળી પણ મળતી ન હતી. જયારે આજે ગુજરાત મોડેલ આખી દુનિયામાં અભ્યાસનો વિષય બન્યુ છે. ગુજરાતીઓની તકદીર અને તસવીર બદલાઈ છે. કોંગ્રેસે ૫૫ વર્ષ શાસન કરી દેશને વિભાજીત કરવાનુ કામ કર્યુ છે. ગરીબી અમીરી અને ધર્મના આધારે દેશને બાંટવાનુ કામ કર્યુ છે. નરેન્દ્ર મોદીના શાસનકાળમાં ગુજરાતની

● અનુસંધાન પાન-૭ પર

**મોરબી પુલના FSL રિપોર્ટમાં થયો ખુલાસો**

# કટાયેલા બોલ્ટ-કેબલ, ભીડ બની ૧૩૫ લોકોનાં મોતનું કારણ

**રિપોર્ટનાં જણાવ્યા પ્રમાણે, બ્રિજનાં મોટાભાગનાં મહત્ત્વનાં ભાગો પર કાટ લાગેલો હતો અને ઢીલા થઇ ગયા હતા**

ગાંધીનગર, તા. ૨૨

મોરબી પુલ હોનારત બાદ પુલનો ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી એક્ઝામિનેશન સામે આવ્યો છે. જેમાં બ્રિટિશ સ્ટ્રક્ચર્ડ પુલનું રિનોવેશન ઘણી ખરાબ રીતે થયાનું ખુલ્યું છે. નોંધનીય છે કે, ૩૦ ઓક્ટોબરનાં રોજ મોરબી પુલ હોનારતે ૧૩૫ લોકોનાં જીવ લીધા હતા. અકસ્માતના ગુનામાં પકડાયેલા નવ પૈકીના આઠ આરોપીઓની જામીન અરજીની સુનાવણી દરમિયાન મોરબીની સ્થાનિક કોર્ટમાં એફએસએલ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.



આ કોર્ટની કાર્યવાહીમાં એ પણ જણાવવામાં આવ્યું હતુ કે, ઓરેવા ગ્રુપે બ્રિજનો જેને રખરખાવ અને સિક્યુરિટીનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો તેમણે તે દિવસે એટલે ૩૦ ઓક્ટોબરનાં રોજ ૩૧૬૫ ટિકિટ ઈસ્યુ કરી હતી. જેમાં તેમણે કઈ રીતે આ બ્રિજ આટલા માણસોનું વજન ઉપાડશે તે પણ વિચાર્યું ન હતુ. બ્રિજની ટિકિટ આપવા માટે બે માણસો રાખવામાં આવ્યા હતા પરંતુ તે બંને વચ્ચે કોઈ તાલમેલ ન હતો. તેમને ખબર ન હતી કે બીજાએ કેટલી ટિકિટ ઈસ્યુ કરી છે. આટલી બધી ટિકિટ ઈસ્યુ કરવા અંગે પણ તેમની પાસે કોર્ટમાં કોઈ જવાબ ન હતો. એફએસએલ રિપોર્ટનાં જણાવ્યા પ્રમાણે, બ્રિજનાં મોટાભાગનાં મહત્ત્વનાં ભાગો પર કાટ લાગેલો હતો અને ઢીલા થઈ ગયા હતા. સોમવારે જયારે

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ઘન કચરાના નિકાલ માટે લેન્ડફીલ સાઈટ શોધવાનું કામ ખૂબ જ કપરૂ

ગાંધીનગરના શહેરી વિસ્તારના પાંચ કિલોમીટરની ત્રિજીયાના આઉટ ગ્રોથ વિસ્તારમાં શહેર સમકક્ષ સફાઈ વ્યવસ્થા ગોઠવવા સરકારે નિર્ણય કરીને ગુડાને લેન્ડફીલ સાઈટ પસંદ કરવાની અને નિભાવનીની જવાબદારી સોંપવામાં આવી છે જો કે આ મામલે ગુડા ને લાંબા સમયથી સફળતા મળી નથી .સાઈટ પસંદ કરવાનો મામલો કઠીન છે દાયકાની કસરતના અંતે કોર્પોરેશન ને પણ લેન્ડફીલ સાઈટ મળી નથી.

આઉટ ગ્રોથ વિસ્તારમાં સફાઈના આયોજન માટે સરકાર દ્વારા જિલ્લા અને રાજ્યકક્ષાની સમિતિની રચના પણ કરવામાં આવી છે. જયારે આ મામલે કરવામાં આવેલા ઠરાવમાં જણાવ્યા મુજબ ભારત સરકારના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ પ્રમાણે શહેરી વિકાસ સતામંડળના વિસ્તારમાંની ગ્રામ પંચાયત અને નગરપાલિકાએ જ તેની હદમાં દરેક ઘરેથી કચરો ઉપાડવાની કામગીરીની સાથે કચરાને નિયત જગ્યા પર પહોંચાડવાનો ઉપરાંત લેન્ડફીલ સાઈટ સુધી કચરો લઈ જવા માટે ટેન્ડરથી એજન્સી નિયત કરવાની અને લેન્ડફીલ સાઈટની પસંદગી તથા સાઈટની જાળવણી ગુડા એ કરવાની રહેશે. ગુડા માટે આ કામ કપરું છે . કોર્પોરેશનના અનુભવ મુજબ લેન્ડફીલ સાઈટ માટે જ્યાં પણ પસંદગી ઉતારવામાં આવે ત્યારે રોષ ઉઠવા પામ્યો છે સ્વછતાના મામલે ગાંધીનગર હાંસિયામાં ધકેલાવા પાછળ કચરાના આખરી નિકાલ માટે અનિવાર્ય એવી લેન્ડફીલ સાઈટનો અભાવ જવાબદાર હોવાનું કારણ પણ મુખ્ય છે . ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાની હદ વધારીને ગુડા હસ્તકના ૧૮ ગામ, એક નગરપાલિકા અને કેટલોક ટીપી વિસ્તાર તેમાં ભેળવી દેવામાં આવ્યા તે પહેલા સુધી ગુડા દ્વારા આ વિસ્તારમાં દરેક ઘરેથી કચરો ઉઠાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે આ વ્યવસ્થા હવે ખોરવાઈ ગઈ છે અલબત્ત મોટાભાગનો વિસ્તાર કોર્પોરેશન માં ભળી જતા હવે કચરો ઉપાડવાની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે આવા સંજોગોમાં ગુડાના અધિકારીઓ હવે નવતર આયોજન કરવાનું રહેશે . જયારે આ અન્વયે લેન્ડફીલ સાઈટ પસંદગી કરવાનું પણ ગુડા માટે મૂંઝવણરૂપ મુદ્દો બન્યો છે

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com